| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૧/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીની તા.૦૯/૦૧/૧૭ની અરજી આઈ.ડી. નં.૨૧૫૬ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૦૩/૦૨/૧૭ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/01/16-17.

અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીએ તેઓની મુળ અરજી તા.૦૯/૦૧/૧૭ના રોજ કરેલ આઈ.ડી. નં.૨૧૫૬ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગેલ. જે માહિતીની નકલ માટે અત્રેના ખાતા દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૯૭૪ તા.૨૭/૦૧/૧૭ થી નમુના–ખ થી નકલ ફીના રૂા.૦૪/– ભરવા માટે પત્ર પાઠવવામાં આવેલ જે અન્વયે અરજદાર દ્વારા સેન્ટ્રલ ઝોન નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે નકલ ફી પેટે રૂા. ૦૪/– રસીદ નં.૬૯૧૨૮ તા.૩૦/૦૧/૧૭ થી જમા કરાવેલ તેની જાણ અત્રેના ખાતાને તા.૩૦/૦૧/૧૭ના રોજ રૂબરૂ ઝેરોક્ષ આપી કરેલ છે. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૯૮૬ તા.૩૦/૦૧/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી લાગત માહિતીની નકલો નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૯૮૬ તા.૩૦/૦૧/૧૭ થી આપવામાં આવેલ માહિતી "ગેરમાર્ગે દોરવા માટે માહિતી આપેલ હોય" તેમ જણાવી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં .એફો.હા.સેલ/૯૮૬ તા.૩૦/૦૧/૧૭ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | "કન્વેયન્સડી"(દસ્તાવેજ) નો ખરડો અંગ્રેજી ભાષામાં કોણે અને કઈ તારીખે ને કોની મંજુરીથી ને કોની સહીથી એપ્રુવ કરવામાં આવ્યો. |
| પુર્તતા | આપના દ્વારા માગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે માન.મ્યુનિ.કમિશ્નરશ્રીની તા.૧૧/૦૭/૧૬ની મંજુરીની નકલ આ સાથે સામેલ છે. જેમાથી આપ માગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |
| મુદ્દા નં.૨ | દસ્તાવેજનો ખરડો ગુજરાતીમાં કેમ એપ્રુવ કરવામાં નથી આવ્યો તે જણાવશો. |
| પુર્તતા | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય અરજદાર દ્વારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ / અભિપ્રાય/ મંતવ્ય સ્વરૂપની જણાય છે. જેના અનુસંધાનમાં ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/ ૨૦૧૧/આઈઆર ની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ છે. |
| મુદ્દા નં.૩ | દસ્તાવેજમાં અમુક કાગળો ગુજરાતીમાં છે તો પૂરો દસ્તાવેજ કેમ ગુજરાતીમાં નથી તે જણાવશો. |
| પુર્તતા | મુદ્દા નં.૨ ની પુર્તતા મુજબ |

| | |
|---|---|
| મુદ્દા નં.૪ | મુખ્યમંત્રી આવાસ અને સુરત મહાનગરપાલિકાની બધીજ કામગીરી અંગ્રેજી ભાષામાં એપ્રુવ કરી નાખો ને શુ કામ ગુજરાતી બોલો છો અને શુ કામ ગુજરાતમાં નોકરી કરો છો તે જણાવશો. |
| પુર્તતા | મુદ્દા નં.૨ ની પુર્તતા મુજબ |
| મુદ્દા નં.૫ | મુખ્યમંત્રી આવાસના ફોર્મ, સોગંધનામુ, એફિડેવીટ અંગ્રેજીમાં જ લેવાનુ રાખો તે કેમ ગુજરાતીમાં લો છો તે જણાવશો. |
| પુર્તતા | મુદ્દા નં.૨ ની પુર્તતા મુજબ |
| મુદ્દા નં.૬ | એક ગુજરાતી વ્યકિત પોતાના મકાનનો દસ્તાવેજ ગુજરાતીમાં માંગે છે તો તેને ગુજરાતીમાં દસ્તાવેજ નથી આપતા શુ કારણથી ગુજરાતીમાં દસ્તાવેજ નથી આપતા તે જણાવશો. |
| પુર્તતા | મુદ્દા નં.૨ ની પુર્તતા મુજબ |
| મુદ્દા નં.૭ | દસ્તાવેજ બનાવવા સીટી સર્વ ઓફીસમા જઈએ ત્યા બાદ દસ્તાવેજ બનાવ્યા પછી તેની ઝેરોક્ષના રૂપિયા ૧૦૦ લેવામા આવે છે શુ ફરજીયાત છે યુસીડી કેન્દ્મા કોન્ટ્રાકના ઝેરોક્ષ મશીન પર ઝેરોક્ષ દસ્તાવેજની કાઢવામા આવે છે તો શુ કામ ગરીબ વ્યકિતઓ પાસે ઝેરોક્ષ કોપીના રૂપિયા લેવામા આવે છે તે જણાવશો. |
| પુર્તતા | આપના દ્વારા માગવામાં આવેલ ઉપરોકત માહિતી સંદર્ભે એલ.આઈ.જી તથા ઈ.ડબલ્યુ.એસ.આવાસના વિવિધ વધારાના ખર્ચ માટે માન.મ્યુનિ.કમિશ્નરશ્રીની તા.૨૧/૦૭/૧૬ની મંજુરીની નકલ તથા આ સાથે સામેલ છે. જેમાથી આપ માગેલ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો. |
| મુદ્દા નં.૮ | ઝેરોક્ષ કોપી દસ્તાવેજની ટૂ કોપી કરવાના માટે ગરીબ વ્યકિતઓ ને બહાર મોકલવામા આવે છે ટૂ કોપી કરવા માટે બહાર ૧૦૦ થી ૧૫૦ રૂપિયા ખર્ચ થાય છે જે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના પરિપત્ર પ્રમાણે પોતાની કોપી પર પોતાની સહી કરી ઝેરોક્ષ કોપી મંજુર રાખવી તો પછી ટૂ કોપી કરવા નોટરી પાસે શુ કામ મોકલવામા આવે છે તે જણાવશો. |
| પુર્તતા | મુદ્દા નં.૨ ની પુર્તતા મુજબ |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા યોગ્ય જણાય છે.

## –: હુ ક મ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચ મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીની તા.૦૯/૦૧/૧૭ની મુળ અરજી આઈ.ડી.નં.૨૧૫૬ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ના પત્ર નં. એફો.હા.સેલ /૯૭૪ તા.૨૭/૦૧/૧૭ થી નમુના–ખ થી નકલ ફીના રૂા.૦૪/– ભરવા માટે પત્ર પાઠવવામાં આવેલ જે અન્વયે અરજદાર દ્વારા સેન્ટ્રલ ઝોન નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે નકલ ફી પેટે રૂા. ૦૪/– રસીદ નં.૬૯૧૨૮ તા.૩૦/૦૧/૧૭ થી જમા કરાવેલ તેની જાણ અત્રેના ખાતાને તા.૩૦/૦૧/૧૭ના રોજ રૂબરૂ ઝેરોક્ષ આપી કરેલ છે. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૯૮૬ તા.૩૦/૦૧/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા થી લાગત માહિતીની નકલો નિયત સમય મર્યાદામાં પુરી

પાડવામાં આવેલ છે, જે યોગ્ય જણાતુ હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજ્ય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૧૦૯૭
તા. ૨૩/૦૨/૧૭

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી .......પ્રતિ.... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

**અપીલ અરજી નં. ૦૨/૧૬–૧૭**

**અરજદાર :** શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષયઃ–** અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીની તા.૦૩/૦૨/૧૭ની અરજી આઈ.ડી. નં.૨૩૯૩ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભઃ–** અરજદાર મજકુરની તા. ૨૨/૦૩/૧૭ની અપીલ અરજી નં.No.SMC/AFO/FAP/02/16-17.

અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીએ તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૦૩/૦૨/૧૭ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૩૯૩ થી કુલ ૯ મુદ્દાની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં .એફો.હા.સેલ/૧૦૯૬ તા.૨૩/૦૨/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા મુજબ જવાબ/પુર્તતા નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.વધુમાં આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય અરજદાર દ્વારા માંગવામાં આવેલ માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે. જેના અનુસંધાનમાં અરજદારને અગાઉની આરટીઆઈ અરજી, આઈ.ડી નં.૨૧૫૬ તા.૦૯/૦૧/૨૦૧૭ અન્વયે અત્રેના ખાતાના પત્ર એફો.હા.સેલ. આ.નં.૯૮૬ તા.૩૦/૦૧/૨૦૧૭ થી પાઠવવામાં આવેલ જવાબમાં ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/૨૦૧૧/આઈઆર ની નકલ અવલોકાનાર્થે મોકલવામાં આવેલ. એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૯૬ તા.૨૩/૦૨/૧૭ થી આપવામાં આવેલ માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/સૂચનની કયાં જણાય છે તથા અપીલના આધારોમાં માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે તેમ સૂચવી માહિતી આપેલ નથી તેમ જણાવી પ્રથમ અપીલ અરજી દાખલ કરેલ છે.

ઉપરોકત વિગતે જણાવવાનું કે મજકુર અરજદાર ધ્વારા નીચે મુજબ મુદ્દા નં. ૧ થી ૯ ની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે તેની નીચે દર્શાવ્યા મુજબ માહિતી/પુર્તતા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા નં .એફો.હા.સેલ/૧૦૯૬ તા.૨૩/૦૨/૧૭ થી નમુના–ગ માં પુરી પાડવામાં આવેલ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | દસ્તાવેજનો ખરડો ગુજરાતીમાં એપ્રુવ કરવામાં નથી આવ્યો. |
| મુદ્દા નં.૨ | દસ્તાવેજમાં અમુક કાગળો ગુજરાતીમાં છે પૂરો દસ્તાવેજ ગુજરાતીમાં નથી. |
| મુદ્દા નં.૩ | સુરત મહાનગરપાલિકાની બધીજ કામગીરી અંગ્રેજી ભાષામાં એપ્રુવ કરી નાખો ગુજરાતી બોલો છો ગુજરાતમાં નોકરી કરો. |
| મુદ્દા નં.૪ | મુખ્યમંત્રી આવાસના ફોર્મ સોગંધનામુ, એફિડેવીટ અંગ્રેજીમાં લેવાનુ રાખો ગુજરાતીમાં લો . |
| મુદ્દા નં.૫ | ગુજરાતી વ્યકિત ગુજરાતીમા દસ્તાવેજ માંગે તો તેને ગુજરાતીમાં દસ્તાવેજ આપો. |
| મુદ્દા નં.૬ | કેન્દ્ર સરકાર રાજય સરકારના પરિપત્ર પ્રમાણે પોતાની કોપી પર પોતાની સહી કરી ઝેરોક્ષ કોપી મંજૂર રાખવી. |
| મુદ્દા નં.૭ | સુપ્રીમકોર્ટની ગાઈડલાઈન પ્રમાણે આધારકાર્ડ ફરજીયાત નથી આધારકાર્ડ માગવામા આવે |

| | | | |
|---|---|---|---|
| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૮૫૫૭ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ધાસ્તીપુરા, સુરત–૩. |

| | |
|---|---|
| મુદ્દા નં.૮ | સુપ્રીમકોટ મોટી કેન્દ્ર સરકાર મોટી રાજય સરકાર મોટી માનવુ |
| મુદ્દા નં.૯ | દસ્તાવેજમા કોમ્પ્યુટર ફોટા અરજદાર(ફલેટ હોલ્ડર)ના પાડવા અને અંગુઠાનુ ઠપ લેવુ |
| પુર્તતાઃ–<br>૧ થી ૯ | આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ રેકર્ડ આધારીત માહિતી આપવાની જોગવાઈ હોય આપના દ્રારા માંગવામાં આવેલ ઉપરોકત માહિતી પ્રશ્નાર્થ/ અભિપ્રાય/ મંતવ્ય/ સૂચન સ્વરૂપની જણાય છે. જેના અનુસંધાનમાં આપશ્રીને અગાઉની આરટીઆઈ અરજી, આઈડી નં.૨૧૫૬ તા.૦૯/૦૧/૨૦૧૭ અન્વયે અત્રેના ખાતાના પત્ર નં.એએફઓ નં.૯૮૬ તા.૩૦/૦૧/૨૦૧૭ થી પાઠવવામાં આવેલ જવાબમાં  ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન તા.૧૬/૯/૧૧ ના પત્ર નં.૧/૧૮/ ૨૦૧૧/આઈઆર ની નકલ અવલોકાનાર્થે મોકલવામાં આવેલ છે. |

ઉપરોકત હકીકત ધ્યાને લેતા મજકુર અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દાની વિગત જોતા અરજદાર ધ્વારા આર.ટી.આઈ એકટ હેઠળની અરજીના તમામ મુદ્દાઓમાં ખાતાને સૂચન/ઓર્ડર કરતા હોય તેવુ સ્પષ્ટ પણે જણાય છે તેની માગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ હોય શકે નહી તેમજ તેવી રેકર્ડ સિવાયની માહિતી પૂરી પાડવાની જાહેર મીહતી અધિકારીની જવાબદારી થતી નથી તે ઘ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, પ્રસ્તુત અપીલ અરજી પરત્વે વધુ કોઈ માહિતી પુરી પાડવાની કે કાર્યવાહી કરવાનું જરુરી જણાતુ નહી હોય અપીલ અરજી દફતરે કરવા જોગ જણાય છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણીની તા.૦૩/૦૨/૧૭ની મુળ અરજી આઈ.ડી.નં.૨૩૯૩ થી માંગેલ માહિતી સંદર્ભે સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીશ્રી(એર્ફોડેબલ હાઉસીંગ સેલ) ના પત્ર નં. એફો.હા.સેલ /૧૦૯૬ તા.૨૩/૦૨/૧૭ થી નમુના–ગ માં દર્શાવ્યા  મુજબ જવાબ/પુર્તતા થી નિયત સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે, જે યોગ્ય અને નિયમાનુસાર જણાતુ હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં  આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦10 ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૫૨
તા.  ૧૧/૦૪/૧૭

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાનાઃ** જહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર  (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાનાઃ** શ્રી ભુપતભાઈ મનસુખભાઈ મુંજાણી .......પ્રતિ.... જાણ માટે.